# પ્રકરણ-૧૫(નિયમ સંગ્રહ-૧૪)કાર્યો કરવા માટે નકકી કરેલાં ધોરણો

**૧૫(૧) વિવિધ પ્રવૃત્તિઓ / કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગતો.**

(૧) યોજનાઓના ઠરાવોમાં નકકી થયા મુજબની શરતો લાભાર્થીઓ પૂરી કરે તો ખાતાના વડાઓ તથા તેમની ક્ષેત્રિય કચેરીઓ દ્વારા લાભ આપતા હુકમો કરવામાં આવે છે.

(૨) વિભાગ દ્વારા અપાતા વિવિધ પુરસ્કારો માટે જાહેરાતો દ્વારા અરજીઓ મેળવીને તે પૈકી યોગ્ય ઉમેદવારની ભલામણ માટે તેઓની વિગતો સહ એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવે છે. ત્યારબાદ સમિતિની ભલામણો ધ્યાનમાં રાખી સરકાર કક્ષાએ નિર્ણય લેવામાં આવે છે.

(૩) ક્રિમીલેયરમાં સમાવેશ થતો નથી તે માટે ભારત સરકારની સૂચનાઓને અનુરૂપ્નીતિ નકકી કરવામાં આવે છે.

(૪) સમાજના પછાતવર્ગના સર્વાંગી વિકાસ માટે તેમનું સામાજિક અને શૈક્ષણિક પછાતપણું નકકી કરી તે મુજબ લાભ આપવામાં આવે છે.

(૫) સમાજમાં અતિપછાત જાતિને કેટલીક યોજનાઓમાં આવક મર્યાદામાંથી મુક્તિ આપવામાં આવે છે.

(૬) અનુ.જાતિ/જનજાતિ પર થતા અત્યાચારોના કિસ્સામાં ભારત સરકારે નકકી કરેલ ધોરણો ધ્યાનમાં લેવામાં આવે છે.

(૭) અપંગોના કિસ્સામાં શારીરિક અપંગતાનું પ્રમાણ ધ્યાને લઇને લાભો આપવામાં આવે છે.